R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 11 DATE: 17-03-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ભારતના બંધારણમાં વ્યક્ત થયેલા આદર્શવાદ અને વાસ્તવાદ વચ્ચેનું અંતર દુર કરવા ન્યાયતંત્ર અને ખાસ કરીને સુપ્રીમ કોર્ટ એક સેતુ છેઃ જસ્ટીસ રંજન ગોગોઇનું અમદાવાદમાં સ્મૃતિ પ્રવચન

ભારતના બંધારણમાં વ્યકત થયેલા આદર્શવાદ અને વાસ્તવવાદ વચ્ચેનું અંતર દુર કરવા ન્યાયતંત્ર અને ખાસ કરીને સુપ્રીમ કોર્ટ એક સેતું છે. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સુપ્રીમ કોર્ટ એ આદર્શ અને વાસ્તવીકતા વચ્ચેના સંક્રાન્તીકાળમાં છે. તથા ટેકનોલોજી અને અર્થતંત્રની આગેકુચથી જે સામાજિક પરિવર્તનો થયા છે તેની સાથે તાલ મિલાવીને જ સુપ્રીમ કોર્ટ બાંધારણમાં વ્યકત થયેલા આર્દશવાદને ચરિતાર્થ કરવા મથી રહી હોવાનું મહત્વપુર્ણ અવલોકન સુપ્રીમ કોર્ટના જસ્ટીસ રંજન ગોગાઈએ કર્યું હતું.

તેમણે કહ્યુ કે ભારત દેશ અત્યારે ટ્રાન્સપોર્મીંગ સોશિયાલીઝમમાંથી નીયો લિબરાલીઝમ તરફ જઈ રહ્યો છે. આર્થિક વિકાસની સાથે પરંપરાગત લિબરલ મુલ્યો પણ જાળવવા છે. પરંતુ મુડીવાદના વિકાસથી દેશમાં ભ્રષ્ટાચાર વધ્યો છે. રાજકારણના ગનાઈતિકરણ પણ વધ્યું છે. આ સ્થિતિમાં ન્યાયતંત્રની જવાબદારી વધી જાય છે.જ્યુડીશ્યલ એક્ટિવિઝમ,જ્યુડીશ્યલ આઉટરીચ જેવા શબ્દ પ્રયોગો અને ટીકા વચ્ચે સુપ્રીમ કોર્ટે બંધારણના આદર્શને ચરિતાર્થ કરવાના છે.

ગુજરાતના સુપ્રસિધ્ધ ન્યાયાધીશ પી.બી.દેસાઈ સ્મૃતિ વ્યાખાન શ્રૃખલાનું ૧૩મું પ્રવચન આપતાં જસ્ટીસ ગોગોઈએ તાજેતરના જ વર્ષોમાં સુપ્રીમ કોર્ટની વિવિધ બેન્ચના મહ્ત્વપુર્ણ ચુકાદાઓ ટાંકીને દેશના બંધારણના વાસ્તવવાદના પરિપ્રેક્ષ્યમં શુ સુપ્રીમ કોર્ટ અત્યારે એક નવી જ ઉક્રાંતિના ઉંબરે ઉભી છે કે નહી તે વિષય પર છણાવટ કરી હતી.

ઈન્ટરનોટ,આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સના ટેકનોલોજીકલ યુગની સાથે મુડીવાદી અર્થતંત્રના પરિણામે ભારતમાં થયેલા સકારાત્મક પરિવર્તનો અને ભ્રષ્ટાચાર જેવા ફેલાયેલા દુષણોની વાસ્તવિકતા વચ્ચે બાંધારણમાં વ્યકત થયેલા આદર્શોને સુપ્રીમ કોર્ટે જે પ્રકારે સાકાર કરા પ્રયાસ કરી રહી છે તેને એવોલ્યુશનના ઉંબરે ઊભી હોવાનું ગણવું કે નહીં તો હાઈકોર્ટના ઓડીટોરીયમમા ંઉપસ્થિતિ હાઈકોર્ટના જજીસીઝ, એડવોક્ટેસ તથા રાજ્યની વિવિધ લોક કોલેજીસ, યુની.ના વિદ્યાર્થીઓએ નક્કી કરવું તેમ જસ્ટીસ ગોગોઈએ ખાસ ઉમેર્યુ હતું.

બંધારણ પણ એવર એવોલ્ગીંગ હોવાનું કહી તેમણે ઉમેર્યુ કે આ એવોલ્યુશન આઈસોલેશનમં નહીં પરુંત સમાજમાં થઈ રહેલા પરિવર્તનોની સાથે લોકોની બદલાતી અપેક્ષાઓના પરિપ્રેક્ષ્યમાં થાય છે.અને સમાજનો ઢાંચો એ અવિરત પરિવર્તનનું ઉદાહરણ છે. જેની સાથે સુપ્રીમ કોર્ટે પણ બદલાય છે.આ ટિપ્પણીના સમર્થનમાં તેમણે તાજેતરના વર્ષોમાં સુપ્રીમ કોર્ટના ચાર અત્યત મહત્વપુર્ણ ચુકાદા ટાંક્યા હતા.

સોશ્યલ મીડીયા પરની પોસ્ટને પણ વાણી સ્વાતંત્રના અધિકાર સાથે જોડતાં શ્રેયા સિંઘલના કેસમાં સુપ્રીમે આઈટી એકટ્ ની કલમ ૬૬એ રદ કરી. નેશનલ લીગલ સર્વીસીજ ઓથોરીટી(નાલસા)ના કેસમાં ટ્રાન્સજેન્ડરને પણ થર્ડ જેન્ડરનો દરજ્જો આપતો ચુકાદો, સાયરાબાનોના કેસમાં ટ્રિપલ તલાકના મુદ્દે ચુકાદો અને રાઈટ ટુ પ્રાઈવસીના ચુકાદાને જસ્ટીસ ગોગાઈે સુપ્રીમ કોર્ટ પણ સમાજની બદલાયેલી વાસ્તવિકતા અને બંધારણીય આદર્શો વચ્ચે સેતું બનાવ પ્રયાસ કર્યો હોવા સમાન ગણાવ્યા હતા.

## અસાધ્ય રોગથી પીડાતા દર્દીને હવે ઇચ્છાથી મૃત્યુનો અધિકાર

સુપ્રીમ કોર્ટમાં કોમન કોઝ દ્વારા દાખલ કરાયેલી અરજી પર ચીફ જસ્ટીસ દીપક મિશ્રા,જસ્ટીસ એ.કે.શિકરી, એ.એમ.ખાનવિલકર, ડી.વાય.ચંદ્રચુડ અને અશોક ભુષણની પાંચ જજની બંધારણીય બેન્ચે ઈચ્છા મૃત્યુ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. ચુકાદામાં ચાર જજના અલગ અલગ મંતવ્ય હતા.પરંતુ લિવિંગ વિલની પરવાનગી માટે બધા જજ એકમત જોવા મળ્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે કોમામાં પહોચી ગયેલ વ્યક્તિને જીવવાની ઈચ્છા ન હોય તો તેને તે સ્થિતિમાં પીડા ભોગવવા દેવી જોઈએ નહીં.

માનવીને ગૌરવ સાથે મૃત્યુનો અધિકાર છે તેમ જણાંવતા સુપ્રીમ કોર્ટે ઈચ્છામૃત્યુને પરવાનગી આપી હતી.પરંતુ ઈચ્છા મૃત્યુની પ્રક્રિયા માટે આકરી માર્ગદર્શિકા પણ જારી કરી હતી.તે ઉપરાંત સુપ્રીમ કોર્ટો દેશના નાગરિકને લિવંગ વિલ તૈયાર કરવાની પરવાનગી આપી છે.જેમાં તે ઈચ્છા વ્યકત કરી શકે છે કે ભવિષ્યમાં અસાધ્ય બિમારીમાં કોમામાં જાય તો તેની લાઈફસપોર્ટ સીસ્ટમ હટાવી લેવામાં આવે.લિવિંગ વિલમાં નાગરિક અગાઉ એવું નિવેદન આપી શકશે કે તેને ગંભીર માંદગીના સમયમાં વેન્ટી લેટર કે અન્ય આર્ટીફિશ્યલ સપોર્ટ સિસ્ટમ દ્વારા તેનું જીવન લંબાવવામાં ન આવે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે લિવિંગ વિલ પર નિર્ણય લેવાનો અધિકાર દર્દીના પરિવારજનો અથવા મિત્રો રહેશે.તેમાં તેમને હત્યાના દોષિત માનવામાં નહીં આવે. તેમના આ નિર્ણય પર મહોર મેડીકલ બોર્ડ લગાવશે.મેડિકલ બોર્ડ નક્કી કરશે કે દર્દી હવે સાજો થઈ શકે તેમ નથી.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સગામાં સંપત્તિ અંગેના વિવાદોને ધ્યાનમાં લેતા લિવિંગ વિલ પાછળના ભયસ્થાનોથી અમે વાકેફ છીએ.તેથી જેમને લિવિંગ વિલ નથી કર્યુ તેવા દર્દીઓના સગાં ઈચ્છામૃત્યુ માટે હાઈકોર્ટમાં સંપર્ક કરી શકશે.સુપ્રીમકોર્ટે કહ્યુ કે ઈચ્છામૃત્યુ અંગેની માર્ગદર્શિકા સંસદમાં કાયદો ઘડવામાં આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે તંદુરસ્ત માનસ ધરાવતી વયસ્ક વ્યક્તિ તેની માંગણી કરી શકે છે.માંગણી દબાણ વિના સ્વૈચ્છિક હોવી જોઈએ.ઈચ્છામૃત્યુ ઈચ્છનારની તબીબી સારવાર ક્યારે બંધ થવી જોઈએ તેની સ્પષ્ટ તારીખ લખાયેલી હોવી જોઈએ.તબીબી સારવા ચાલુ હોવાના કિસ્સામાં ઈચ્છામૃત્યુ વિલંબથી થતાં વ્યક્તિને વધુ પીડાનો સામનો કરવો પડી શકે. વિલમાં દર્દીના વાલી કે સગાંનું નામ લખાયેલું હોવું જોઈએ કે દર્દી નિર્ણય લેવાની ક્ષમતા ગુમાવી ચુક્યાના સંજોગોમાં નિર્ણય લઈ શકે કે તબીબી સારવા ચાલુ રાખવી કે બંધ કરવી.

લિવંગ વિલ એક લેખિત દસ્તાવેજ હશે જેમાં સબંધિત વ્યક્તિ જણાવશે કે તે અસાધ્ય રોગમાં એવી સ્થિતિમાં પહોચી જાય કે તેની સારવાર શક્ય ન હોય તો તેને બળજબરીથી લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં ન આવે.

ગંભીર અને અસાધ્ય રોગથી પીડાતી વ્યક્તિને છુટકારા માટે ડોકટરની મદદથી તેની જીંદગીનો અંત લાવવાને ઈચ્છામૃત્યુ કહે છે તેના બે પ્રકાર છે. સક્રિય ઈચ્છામૃત્યુ અને નિષ્કિય ઈચ્છામૃત્યુ.સક્રિય ઈચ્છામૃત્યુમાં દર્દીને ઝેર અથવા પેઈન કિલરના હેવી ડોઝ દ્વારા મૃત્યુ આપવામાં આવે છે.જ્યારે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુમાં તેની લાઈફસપોર્ટીંગ સિસ્ટમ હટાવી લેવામાં આવે છે.ભારત સહિતના મોટાભાગના દેશોમાં સક્રિય ઈચ્છામૃત્યુની પરવાનગી નથી.

## કર્ણાટક રાજ્યે પોતાના ધ્વજની ડિઝાઇન કેન્દ્ર પાસે મંજુરી માટે મોકલી

કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારામૈયાએ પોતાના રાજ્ય માટે એક ધ્વજની ડિઝાઈન તેમની કેબિનેટ પાસે મંજુર કરાવીને તેને બંધારણીય મંજુરી માટે કેન્દ્રને મોકલશે તેવી તૈયારી કરી છે.કન્નડ સંગઠનો સાથે પોતાની કેમ્પ ઓફીસમાં સિધ્ધારામૈયાએ ત્રણ રંગના આ ધ્વજને દર્શાવ્યા હતા. જેમાં ઉપર પીળા અને વચ્ચે ધોળા પટ્ટા છે. જેમાં રાજ્યનું પ્રતિક ચિહ્ન ગંદુભેરડાનું નિશાન છે.સિધ્ધારામૈયાએ કહ્યુ છે કે અમે ધ્વજ સાથે જોડાયેલા દિશાનિર્દેશોનું પાલન કરીશું. આ ધ્વજને રાષ્ટ્રીય ધ્વજથી નીચે ફરકાવવામાં આવશે.અન તેના કારણે કોઈ પ્રકારનું ઉલ્લંઘન નહી થાય.

આ ધ્વજને કન્નડ લોકોનું અભિમાન ગણાવીને સિધ્ધારામૈયાએ દાવો કર્યો હતો કે તમામ કન્નડ સંગઠનોને તેનું સમર્થન છે. હવે આ મામલો ભાજપની કોર્ટમાં છે. વિધાનસભાની ચુંટણી આડે બે જ મહિનાનો સમય છે તે જોતાં પાર્ટી આ ધ્વજને સમર્થન ન કરે તો રાષ્ટ્રીય ધ્વજના સિધ્ધાંતનો વિરોધ ગણાશે. જો આ ધ્વજનો વિરોધ કરે તો વિધાનસભાની ચુંટણીમાં તેને નુકશાન થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે દેશમાં જમ્મુ-કાશ્મીર જ એકમાત્ર એવું રાજ્ય છે કે જેને પોતાનો સ્વતંત્ર ધ્વજ છે.હવે આ ચુંટણીલક્ષી દાવ સફળ થાય તો સિધ્ધારામૈયાની જીત થાય અને વિરોધ થાય તો ભાજપની હાર થાય તેમ છે.

## પત્રકાર ગૌરી લંકેશ હત્યા કેસમાં એક આરોપી પકડાયો જે હિંદુ સેનાનો નેતા છે

જાણીતા લેખીકા અને પત્રકાર ગૌરી લંકેશની હત્યામાં કર્ણાટક પોલીસને મહત્વનો પુરાવા એને આરોપી મળ્યો છે.પોલીસે આ મર્ડર કેસમાં છ મહિનાની જહેમત પછી ટી. નવીનકુમાર નામના શખ્સની ધરપકડ કરી છે.બેગાલુરની મેજીસ્ટેટ કોર્ટે નવીન કુમારને એસઆઈટીની પાંચ દિવસની કસ્ટડીમાં મોકલી આપ્યો છે. હોટ્ટે માંજા ઉપનામ ધરાવતો કર્ણાટકના મંડ્યા જિલ્લાનો રહેવાસી નવીન હિન્દુ યુવા સેનાનો નેતા છે.અને પોલીસે ૧૮ ફેબ્રુઆરીએ તેની ધરપકડ કરી ચે. તેની પાસેથી ૧૫ રાઉન્ડ જીવતી કારતુસો મળી હતી. ગૌરી લંકેશના હત્યામાં તપાસ કરતી એસઆઈટીએ બીજી માર્ચે તેને કસ્ટડીમાં લીધો હતો. અને પુછપરછ કરી કરી હતી. આ કેસમાં એસઆઈટી દ્વારા સૌ પ્રથમ ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જમણેરી પાખના અભિપ્રાયોના વિરોધી તરીકે જાણીતા ગૌરી લંકેશની ગત વર્ષે કેટલાક લોકોએ ગોળી મારી હત્યા કરી હતી. અગાઉ પણ નવીનનો ૧૯ ફેબ્રુઆરીએ ગેરકાયદેસર બુલેટ્સ રાખવાના આરોપસર ધરપકડ થઈ હતી. જો કે પુછપરછ દરમિયાન શકા જતાં એસઆઈટી ટીમ દ્વારા તેને ૮ દિવસ કસ્ટડીમાં મોકલી અપાયો હતો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકસભાની પેટા ચુંટણીઓના પરિણામો આવી ગયા.યુપીના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના રાજીનામાને કારણે ખાલી પડેલ જગ્યા પર પેટા ચુંટણી યોજાઈ.રાજ્યના મુખ્યમંત્રી આદિત્યનાથનો ગોરખપુર અજય ગણાતો ભાજપનો ગઢમાં ૪૩ ટકા મતદાન થયું. જ્યારે નાયબ મુખ્યમંત્રી કેશવપ્રસાદ મોર્યના કુલપુર મતવિસ્તારમાં ૩૭ ટકા મતદાન થયું. બિહારની અરેરીયાની બેઠક પર સરેરાશ ૫૭ ટકા મતદાન થયું.

યુપીની લોકસભાની બેઠકો પર ભાજપને ગરુર હતો કે આ બેઠકો પર ભાજપ છેલ્લા બે દાયકાથી જીતતું આવ્યું છે. અને ગોરખપુરની સીટ પર આદિત્યનાથની સીટ કોઈ ઝુંટવી શકે નહીં. પરંતુ પરિણામો ચકિત કરનારા નિકળ્યા.ભાજપ હારી ગયું અને ત્રણેય લોકસભાની સીટ પરથી વિપક્ષોની જીત થઈ. યુપીમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી એક થઈને ભાજપને શિકસ્ત આપી.જ્યારે બિહારમાં લાલુ પ્રસાદ યાદવે જેલમાં રહીને પણ પાર્ટીને જીતાડી. જો કે લાલુપ્રસાદનો પુત્ર તેજસ્વીએ ચુંટણી કમાન હાથમાં લીધી હતી. અને ચુંટણી જીતી બતાવી.તેથી માત્ર મોદીનો જ કરિશ્મા ચાલે છે તેવી વાત પુરી થઈ ગઈ.

ચુંટણીના હારના પરિણામો બાબતે ભાજપના અધ્યક્ષનું માનવું છે કે આ ચુંટણીમાં હાર એ ભાજપની હાર નથી કે યોગીની હાર નથી.તેનાથી કોઈ ફર્ક પડતો નથી.જેથી ચુંટણીમાંથી પદાર્થ પાઠ લેવાને બદલે તેમણે હારને મજાકમાં ઉડાવી દીધી છે.જો કે આ પરિણામો ચોક્કસથી ૨૦૧૯ની આવનારી લોકસભાની ચુંટણીઓ પર અસર પાડી શકે છે. હજુ કર્ણાટક,મધ્યપ્રદેશ,રાજસ્થાન વિગેરે રાજ્યોમાં આવનારી ચુંટણીઓમાં પણ તેની અસર પડશે. પુર્વ ભારતના નાનકડા રાજ્યોમાં જે રીતે ભાજપે જીત મેળવી છે તે કેવી છે તે તેને તો ખબર છે પરંતુ તેનો જશ બીજે બધે મળશે તેમ માનવું ભુલ ભરેલું છે.૨૦૧૪ બાદ થયેલ પેટા ચુંટણીઓમાં ભાજપની હાર થઈ છે.લોકોની લાગણીઓ બદલાઈ છે તેમાં કોઈ શક નથી.કેન્દ્રમાં સત્તા સ્થાનેથી લીધેલા કેટલાક નિર્ણયો હજુ લોકો પચાવી શક્યા નથી.જીએસટીએ મધ્યમવર્ગના વેપારીઓમાં કે જે ભાજપનો મજબુત સપોર્ટર હતો તે નારાજ થઈ ગયો છે.નોટબંધીએ અનેકોને તારાજ કર્યા છે. ખેડુતો નારાજ છે.અને બીજા અનેક કારણો છે જેનાથી જનમત તરફેણમાંથી ખસી રહ્યો છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## દેશમાં બિનસાંપ્રદાયિક વિચારધારા અને લોકશાહીનું મુળભુત માળખુ નષ્ટ કરી નાંખવાના ખતરનાક ખેલની શરુઆત : પ્રતિમાઓ તોડવાનું પ્રથમ ચરણની શરુઆત











ત્રિપુરામાં વિધાનસભાની ચુંટણીના પરિણામ બાદ સામ્યવાદી આઈકોન લેનિનની પ્રતિમા તોડી પાડવાની ઘટના બાદ દેશભરમાં પ્રતિમાઓને નુકશાન પહોચાડવાનો અને અપમાનિત કરવાનો ખતરનાક ખેલ શરુ થઈ ગયો.ભાજપના કાર્યકરો દ્વારા દેશના અલગ અલગ વિસ્તારોમાં મહાનુભાવોની પ્રતિમાને નુકશાન પહોચાડવામાં આવ્યું.જવાબમાં વિપક્ષના કાર્યકરો મેદાનમાં આવી ગયા.અને શરુ થયો મહાનુભાવોની પ્રતિમાઓને અપમાનિત કરવાનો ખેલ.આ રાજકીય પાગલપણું ચરમસીમા પર પહોચી ગયું છે.ત્રિપુરામાં લેનીનની વધુ એક પ્રતિમાને નિશાન બનાવાઈ હતી.

તામિલનાડુના ભાજપના વરિષ્ઠ નેતા એચ.રાજાએ પ્રતિમાઓ તોડવાની તરફેણમાં વિવાદાસ્પદ ટ્વિટ કર્યો અને બાદ વેલ્વોર શહેરમાં ભાજપના નેતા અનો તેમના કેટલાક સહયોગીઓએ જાતિ વિરોધી નેતા પેરિયારની પ્રતિમા પર પથ્થરમારો કર્યો. ત્યારબાદ પેરિયારની એક અન્ય પ્રતિમાની તોડફોડ કરવામાં આવી હતી.જેને કારણે તામિલનાડુમાં ટેન્શન વધી ગયું. પ્રતિમા તોડવાની આગ ઉત્તર પ્રદેશ પણ પહોચી. અને ત્યાં મેરઠમાં આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાં ખંડિત કરવામાં આવી.પશ્ચિમ બંગાળની રાજધાની કોલકત્તામાં જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુકરજીની પ્રતિમાની કેટલાક લોકો દ્વારા તોડફોડ કરવામાં આવી હતી પોલીસે તેના સંદર્ભમાં સાત લોકોની ધરપકડ કરી હતી.બીજી તરફ તામિલનાડુના કોમ્બિતુરમાં ભાજપની જિલ્લા કચેરી પર પેટ્રોલબોંબ ઝીંકવામાં આવ્યા હતા. દેશના કેટલાક ભાગોમાં પ્રતિમાઓ તોડવાની ઘટનાના સંદર્ભમાં વડાપ્રધાનની ઓફીસના સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યુ હતું કે આ ઘટનાને પીએમ મોદી સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે.પીએમના આદેશના પગલે કેન્દ્રીય ગૃહમંત્રાલયે આ પ્રકારની ઘટનાઓ અટકાવવા જરુરી પગલાં લેવા રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે.

આ પ્રકારના તોફાની તત્વો સામે કાયદાની જોગવાઈ પ્રમાણે કામ લેવામાં આવશે..કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પ્રતિમાઓ ખંડિત કરનારા સામે કડક પગલાં લેવાની ભલામણ કરી છે. ત્રિપુરામાં ચુંટણીના પરિણામો આવ્યા બાદ ફાટી નિકળેલી હિંસામાં ૩ દિવસમાં ૭૭૦ હિંસક ઘટનાઓ બની છે.જેમાં ૧૦૦૦થી વધુ લોકોને ઈજા પહોચી છે.બેલોનિયામાં લેનિનની પ્રતિમાં તોડી પડાયા પછી હિંસાએ અગ્ર સ્વરુપ ધારણ કર્યુ હતું.પ્રતિમાઓ ખંડિત કરવાની ઘટનાઓના મુદ્દે સંસદમાં પડઘો પડ્યો હતો. રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ વેલમાં ઘસી જઈને નારાબાજી કરી હતી.જેને કારણે રહેલા અને બપોર પછી આખા દિવસની કાર્યવાહી બંધ રહી હતી.મદ્રાસ હાઈકોર્ટે તામિલનાડું સરકારને તમામ નેતાઓની પ્રતિમાને સુરક્ષા આપવાનો આદેશ કર્યો છે.હાઈકોર્ટે જણાવ્યુ હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તેનું સરકારે ધ્યાન રહે.શાળાના બાળકોની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવે. તામિલનાડુ સરકારે હાઈકોર્ટને જણાવ્યુ હતું કે પરિયારની પ્રતિમા તોડવાના મામલે ચાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે.

જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પ્રતિમાઓ તોડવાની ઘટનાને વખોડી કાઢી છે.તેમણે જણાવ્યુ હતું કે અમે પ્રતિમાઓ તોડવાની ઘટનાઓને સમર્થન આપતા નથી.આ ઘટનાઓનું દુઃખદ છે. જો આ ઘટનાઓમાં ભાજપના કાર્યકરો સામેલ હશે તો તેમના પર પણ કાર્યવાહી કરાશે.અમારો ઉદેશ્ય જનતાના જીવનમાં બદલાવ લાવવાનો છે.મે તામિલનાડુ અને ત્રિપુરામાં ભાજપના નેતાઓ સાથે વાતચીત કરી છે.પાર્ટીનો કોઈપણ શક્ય સામેલ હશે તો તેની સામે કડક કાર્યવાહી થશે.ભાજપે તમામ વિચારધારાનું સન્માન કરે છે. અને રચનાત્મક રાજનીતિ માટે પ્રતિબધ્ધ છે.દેશનું દુર્ભાગ્ય છે કે જનતાના રક્ષણ માટે પોલીસ નથી ત્યાં ગંદા રાજકારણને કારણે પ્રતિમાની સુરક્ષા માટે પોલીસ તહેનાત કરવી પડે છે.

# વન બાંધવોની રાખે દરકાર
# ગુજરાતની સંવેદનશીલ સરકાર

શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત

શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી,ગુજરાત

## આદિજાતિ છાત્રોને અધ્યતન શિક્ષણ સુવિધા

આદિજાતિ વિસ્તારમાં ૯૧ નવોદય પેટર્નની રેસીડેન્સીયલ શાળાઓ દ્વારા ૩૦,૧૭૨ આદિજાતિ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ
મેડીકલના અભ્યાસમાં પ્રવેશ માટે ૬૯૭૫ આદિજાતિના વિદ્યાર્થીઓને આપ્યું ખાસ કોચીંગ
છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૩૦ વિદ્યાર્થીઓને મળ્યો મેડીકલ પ્રવેશ
૬ મુખ્ય શહેરોમાં સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના સમરસ છાત્રાલયની સ્થાપના :૩૧૫૦ આદિજાતિ છાત્રોને રહેવા-જમવાની સુવિધા
નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઇબલ યુનીવરસીટી થશે કાર્યાન્વિત

## આદિજાતિઓના સ્વાસ્થની સંભાળ

રાજ્યના ૯૦ લાખ આદિજાતિ લોકોનું સિકલસેલ એનિમીયા માટે સ્ક્રિનીંગ પુર્ણ : આદિજાતિના દર્દી માટે વાર્ષિક રૂ.૬૦૦૦ ની સહાય
સારવાર માટે સરકારી હોસ્પીટલમાં ખાસ વોર્ડ ઊભા કરાયા.
દુધ સંજીવની યોજના : તમામ આદિજાતિ તાલુકાની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓનો ૨૦ લાક લાખથી વધુ બાળકોને ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દુધનો લાભ.

## આદિજાતિ ખેડુતો ખુશખુશાલ

વન અધિકાર ધારા હેઠળ ૮૩,૮૭૮ આદિજાતિ પરિવારોને ૧,૨૬,૯૧૫૬ એકર જમીન ખેડવાના અધિકાર સુપ્રત : ૪૯૦૦૦ કુટુંબોની જમીન માપણી પુર્ણ : ૭/૧૨ અને ૮-અ ના મહેસુલી રેકર્ડમાં બીજા હકકની નોંધણી : ૪૬૫૯ સામુહિક દાવા અને ૯૩૯ માળખાકીય સુવિધાઓ માટેના દાવાઓને મંજુરી
કૃષિ વૈવિધ્યકરણ : આદિજાતિના ૫ લાખથી વધુ ખેડુતોને સુધારેલ બિયારણ, ખાતર,મંડપ યોજના હેઠળ લાભ
આદિજાતિ મહિલાઓને ૧,૧૪,૩૪૩ દુધાળા પશું આપી આત્મનિર્ભર બનાવવાનો સફળ પ્રયાસ

## આદિજાતિઓનો આર્થિક વિકાસ

૮ સ્ટેટ ઓફ આર્ટ કક્ષાના વ્યવસાયિખ તાલીમ કેન્દ્ર દ્વારા ૪૯,૪૭૯ આદિજાતિ યુવાઓને તાલીમ :
૩૫,૦૦૦ને સીધી રોજગારી સાથે જોડાણ
૨૪ પરંપરાગત હાટ બજારને અદ્યતન સુવિધાઓ સાથે ઊભા કરી આદી જાતિ વિસ્તારમાં આર્થિક વિકાસને આપ્યો વેગ :
ચાલુ વર્ષે ૧૦ નવા હાટને મંજુરી
અંતરીયાળ આદિજાતિ વિસ્તારમાં ફાઇનાન્સિયલ ઇન્કલુશન હેઠળ ૨૯ એ.ટી.એમ.ની સ્થાપના
૩ લાખ જેટલા કુટુંબોનું બેંક સુવીધા સાથે જોડાણ

## પેસા એક્ટના અમલથી આદિજાતીઓનું સશક્તિકરણ

## ગૌણ વનપેદાશના માલિક હવે ગ્રામસભા અને આદિવાસી સમાજ

## ગૌણ વનપેદાશના વેચાણની સંપુર્ણ આવક એકત્રિત કરનારના ખાતામાં સીધા જમા પરવાનો લઇ ગૌણ ખનિજ વાપરવાનો મળ્યો અધિકાર

## આદિજાતિ સમુદાયને સમાજની મુખ્યધારામાં લાવવા સરકાર પ્રયત્નશીલ-

નીતીનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી

# ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઈ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાકયમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્રિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાશ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતનો વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જ્યારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેનો કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનનો ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છે કારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઈ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯) ,પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮), બેરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ
()સૌ.સંદેશ)

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.
ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટ માં શરુ કરવામાં આવ્યું હતું.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.